ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ મારફત ઘંઉનું ફોર્ટીફિકેશન કરી ફોર્ટીફાઇડ આટા રાજ્યની તમામ આંગણવાડીમાં પુરો પાડવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ: ક્રમાંક: આઇસી/૧૧૨૦૧૩/૧૦૮૮/(પાર્ટ ફાઇલ) /બ
સચિવાલય, ગાંધીનગર
તા:૨૩/૦૭/૨૦૧૮

**વંચાણે લીધા:**

(૧) ભારત સરકારના ઠરાવ ક્રમાંક: F.No.5-9/2005/ND/Tech(VoL-II) Dt: 24/2/2009

(૨) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના પત્ર નં. Secretary WCD-DO. No 25/16/2015-Nutrition Desk તા.10/7/2017

(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી૧૧૨૦૧૩-૧૦૮૮ –બ તા: ૯/૮/૨૦૧૭

**આમુખ:**

ભારત સરકારના ઠરાવ ક્રમાંક: F.No.5-9 / 2005 / ND /Tech (VoL-II) Dt: 24/2/2009 થી આઈસીડીએસ યોજના હેઠળ ૬ મહિનાથી ૬ વર્ષનાં બાળકો, સગર્ભામાતા, ધાત્રીમાતા તથા કિશોરીઓને પૂરક પોષણ આપવાના ધોરણો નક્કી કરેલ છે.

આઇસીડીએસના તમામ લાભાર્થીઓ માટે ફોર્ટિફિકેશન કરેલ આહાર પુરો પાડવા માટે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના પત્ર નં ભારત સરકાર ની પત્ર ક્રમાંક Secretary WCD-DO. No 25/16/2015-Nutrition Desk તા.10/7/2017 થી ઘંઉ, તેલ તથા મીઠાના ફોર્ટિફિકેશન માટે સુચના આપેલ છે.

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૧૨૦૧૩-૧૦૮૮-- બ ૯/૮/૨૦૧૭ ના ઠરાવ અનુસાર સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત છ માસ થી ત્રણ વર્ષના બાળકો અને ત્રણ વર્ષ થી છ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકો તેમજ સગર્ભા માતા, ધાત્રી માતા અને કિશોરીઓને ટેક હોમ રેશન તરીકે ભારત સરકારના નિયત કરેલ નાણાકીય દરની મર્યાદામાં ગુણવત્તાસભર આહાર મળી શકે તે માટે ડેરી ક્ષેત્રની વિશ્વવિખ્યાત અગ્રગણ્ય સંસ્થા (GCMMF) ગુજરાત કો-ઓપરેટીરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘો મારફતે ટેક હોમ રેશન પુરુ પાડવા માટેની કામગીરીને મંજૂરી આપવામાં આવેલ છે.

તા: ૧૪/૫/૨૦૧૮ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં મહત્વની ત્રણ બાબતો અંગે ચર્ચા કરવામાં આવી જે અનુસાર પુરક પોષણ કાર્યક્રમ હેઠળ લાભાર્થીઓને અપાતી ત્રણ ખાદ્ય વસ્તુઓને (ઘંઉ, મીઠુ, તેલ) ફરજીયાત ફોર્ટીફાઇડ કરવાનું થાય છે.

ક. ભારત સરકારની સુચના મુજબ ગુજરાતમાં આઇસીડીએસ હેઠળ વિટામીન 'એ' અને વિટામીન 'ડી'થી ફોર્ટીફાઇડ કરેલ ફોર્ટીફાઇડ રીફાઇન્ડ કપાસીયા તેલ ગુજરાત રાજ્ય નાગરીક પૂરવઠા નિગમ દ્વારા પુરૂ પાડવામાં આવે છે.

ખ. ડબલ ફોર્ટીફાઇડ મીઠું પુરૂ પાડવા માટે ચાલુ વર્ષે નવી બાબત તરીકે મંજુર થયેલ રૂ. ૨૦.૫૭ કરોડની રકમમાંથી ડબલ ફોર્ટીફાઇડ મીઠું ગુજરાત રાજ્ય નાગરીક પૂરવઠા નિગમ દ્વારા દર માસે લાભાર્થીને પુરૂ પાડવામાં આવશે.

ગ. ભારત સરકારના આદેશ મુજબ ગુજરાતમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓ માટે ઘંઉના લોટનું ફિર્ટીફિકેશન કરી ફોર્ટીફાઇડ આટા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો. તા: ૯/૮/૨૦૧૭ ના ઠરાવથી જી.સી.એમ.એમ.એફ દ્વારા જીલ્લા ડેરીનાં માધ્યમથી THRનું ઉત્પાદન કરી સમગ્ર રાજ્યમાં વિતરણ કરવા માટે GCMMF સાથે ૧૦ વર્ષનાં કરાર કરવામાં આવેલ છે. ટેક હોમ રેશન માટે તૈયાર થનાર માળખાનો ઉપયોગ કરી ઘંઉના લોટનું ફોર્ટીફીકેશ કરી ફોર્ટીફાઇડ આટા વિતરણ કરવા માટે બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો.

**ઠરાવ :** -

આઇસીડીએસ યોજનાના લાભાર્થિઓ માટે ઘઉંના ફોર્ટીફિકેશન માટે નીચેની શરતો મુજબની બાબતોને પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે.

(૧) ઘઉંનું ફોર્ટીફિકેશન કરી ફોર્ટીફાઇડ આટો આપવા માટે માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં મળેલ માન. મુખ્યમંત્રીશ્રીની અનુમતિને આધારે ગુજરાત કો-ઓપરેટીરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘોને સાંકળીને ઘઉંના લોટનું ફોર્ટીફિકેશન કરી ફોર્ટીફાઇડ આટો બનાવવા માટેની કામગીરી સુપ્રત કરવામાં આવે છે.

(૨) ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના (GCMMF) માધ્યમથી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ મારફત ઘઉંનું ફોર્ટીફિકેશન કરી ફોર્ટીફાઇડ આટાના ઉત્પાદન અને આંગણવાડી કેંદ્રો સુધી પહોંચતો કરવાની વિતરણ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવાની રહેશે.

(૩) તા: ૯/૮/૨૦૧૭ ના ઠરાવથી મહિલા સભાસદો તથા ખેડૂતોના બનેલા તથા સહકારી ધોરણે ચાલતા જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘો મારફત ટેક હોમ રેશનના ઉત્પાદન અને વિતરણ માટે વિશ્વ પ્રખ્યાત ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF) મારફત ગુજરાત રાજયના બાળકોને ગુણવત્તાયુકત પોષણક્ષમ આહાર મળી રહે તે માટે GCMMF સાથે ૧૦ વર્ષ માટેના સમયગાળા માટે ટેક હોમ રેશન પુરૂ પાડવા માટેના કરાર કરવામાં આવેલ છે. તે કરારની શરતોને આધીન ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન સાથે ઘંઉના ફોર્ટીફિકેશનની કામગીરી સોંપવા ૧૦ વર્ષના કરાર કરવાના રહેશે.

(૪) ઘંઉના ફોર્ટીફિકેશનનો ભાવ પ્રતિ કિલો રૂ. ૧૬.૫૦/- રહેશે. જેમાં માઇક્રોન્યુટ્રીયન્ટ, ઓપરેશનલ કોસ્ટ, પેકેજીંગ અને ટ્રાન્સપોર્ટેશનનો સમાવેશ થસે, ઘંઉ સરકાર તરફથી પુરા પાડવામાં આવશે.

(૫) ઘઉંના ફોર્ટીફાઇડ આટાનું ઉત્પાદન તથા આંગણવાડી કેન્દ્રો સુધી વિતરણની વ્યવસ્થા માટે GST ભારત સરકારના વખતો વખતના નોટીફીકેશ મુજબ ચુકવવા મંજૂરી આપવામાં આવે છે.

(૬) ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને ઘઉંના ફોર્ટીફાઇડ આટાના ઉત્પાદન અને આંગણવાડી કેન્દ્રો સુધી વિતરણની વ્યવસ્થા માટે ટી.એચ.આર માટે મંજુર કર્યા મુજબ એક માસનું એડવાન્સ પેમેન્ટ આપવા મંજુરી આપવામાં આવે છે.

(૭) ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF) દ્વારા ઉત્પાદન કરવામાં આવનાર ફોર્ટીફાઇડ આટાની ગુણવત્તા, શુધ્ધતા, તોલ-માપ સુક્ષ્મપોષક તત્વોનું પ્રમાણ વગેરે ભારત સરકાર દ્વારા વખતો-વખત નક્કી કરવામાં આવે તે મુજબ અનુસરવાનું રહેશે.

(૮) FSSAI (Food Safety and Standard Authority of India) ના સરકાર દ્વારા વખતો વખતના રૂલ્સ ની જોગવાઇઓ અને અન્ય આનુષાંગિક નિયમોનો અમલ કરવાનો રહેશે.

(૯) પુરક પોષણ આહારનું નિયમો અનુસાર સરકાર માન્ય ફુડ એન્ડ ડ્રગ્ઝ લેબોરેટરી, વડોદરા તેમજ સરકાર માન્ય લેબોરેટરી અથવા NABL પાસેથી ટેસ્ટીંગ કરાવવાનું રહેશે.

(૧૦) ઘંઉના ફોર્ટીફિકેશન માટે ઘઉં રાજ્યકક્ષાએથી પુરા પાડવામાં આવશે.

(૧૧) કાયદા વિભાગ દ્વારા ચકાસી આખરી કરેલ એગ્રીમેન્ટ મુજબ નિયામકશ્રી, આઇસીડીએસ તથા ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના તથા જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘો વચ્ચે એગ્રીમેન્ટ કરવાનું રહેશે.

(૧૨) ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘો મારફત ફોર્ટીફાઇડ આટો પુરો પાડવાની કામગીરીની વખતો-વખત સમીક્ષા કરવા તથા હાલમાં દરખાસ્તમાં રજુ કરવામાં આવેલ ભાવોની વખતો વખત સમીક્ષા કરવાની રહેશે. તેમજ ફોર્ટીફાઇડ આટો બનાવતા થતા ઘઉંના પ્રોડક્શન લોસનું પ્રમાણ નક્કી કરવા માટે નીચે મુજબની વ્યવસ્થાપક (Management) કમિટિની રચના કરવાની રહેશે.

૧. સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ - અધ્યક્ષ
૨. ગુજરાત કો-ઓપરેટીરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના મેનેજીંગ ડાયરેક્ટશ્રી- સભ્ય
3. સંબધીત જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘો મેનેજીંગ ડાયરેક્ટશ્રી - સભ્ય
૪. નિયામકશ્રી આઇસીડીએસ - સભ્ય સચિવ
૫. એગ્રીકલ્ચર યુનિર્વસીટીના પ્રતિનિધી
૬. નાણા સલાહકાર (નાણા વિભાગ)
૭. અધ્યક્ષ દ્વારા સુચવ્યા મુજબના - સભ્ય

(૧૩) પૂરક પોષણ અંગેનો ખર્ચ મંજૂર થયેલ અંદાજપત્રીય જોગવાઇ સામે નીચે મૂજબના સદરે ઉધારવાનો રહેશે.

(૧) માંગણી ક્રમાંક: **૧૦૬**
મુખ્ય સદર: ૨૨૩૬ પોષણ
પેટા મુખ્ય સદર: ૦૨-પોષણ ખાદ્ય અને પીણાની વહેંચણી
ગૌણ સદર: ૮૦૦ અન્ય ખર્ચ
પેટા સદર: (૨) એનટીઆર-૧, સંકલિત બાળ વિકાસ સેવા યોજના

(૨) માંગણી ક્રમાંક: ૯૫
મુખ્ય સદર: ૨૨૩૫ સામાજીક સુરક્ષા અને કલ્યાણ
પેટા મુખ્ય સદર: ૦૨-સમાજ કલ્યાણ
ગૌણ સદર: ૮૦૦ અન્ય ખર્ચ
પેટા સદર: (૧) એનટીઆર-૩, ખાસ પોષણ કાર્યક્રમ

(૩) માંગણી ક્રમાંક: ૯૬
મુખ્ય સદર: ૨૨૩૬ પોષણ
પેટા મુખ્ય સદર: ૦૨-પોષણ યુક્ત આહાર અને પીણાનું વિતરણ
ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના
પેટા સદર: ૦૨ (એનટીઆર-૨), સંકલિત બાળ વિકાસ સેવા યોજના

વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા: ૨૨/૬/૨૦૧૮ તથા સરકારશ્રીની તા.૩/૭/૨૦૧૮ની નોંધથી મળેલ મંજુરી અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

**ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે**

**(રાહુલ છત્રપતિ)**
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.કા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી,
- અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકની બાબતોના અધિક મુખ્ય સચિવશ્રી,
- કૃષિ અને સહકાર વિભાગનાં અગ્ર સચિવશ્રી,
- મેનેજીંગ ડાયરેક્ટશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પૂરવઠા નિગમ લી.
- કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- સબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
- નિયામકશ્રી (ICDS) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય,
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન
- જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી તમામ
- એકાઉન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ